



## વિક્રમ સંવત ૨૦૭૬ની દીપોત્સવીના મંગલ પર્વે શ્રી લક્ષ્મીપૂજન તથા શ્રી શારદાપૂજનના શુભ અવસરે સાહેબદાદાના આશીર્વાદ સંકલ્પ...

શ્રી લક્ષ્મીપૂજન, શ્રી વહીપૂજન,
દીપાવલી-૨૦૭૬

સ્વામિશ્રીજી

હજારો માઈલના અંતરે રહેવા છતાં પણ પ્રભુભક્તિમાં રત રહી સદાય સાથે જ રહો છો તેવી અનુભૂતિ કરાવી રહેલા દેશ-પરદેશમાં વસવાટ કરતા સૌ વ્હાલા અક્ષરમુક્તો...

દીપાવલી સાથે શરૂ થતા નવા વર્ષની શુભ શરૂઆતનાં આ મંગલપર્વોના અમ સૌ સંતો-ભક્તોના ભાવભર્યા જય શ્રી સ્વામિનારાયણ ! નૂતન વર્ષાભિનંદન !

કોરોના (કોવિડ-૧૯)ના કારણે વિશ્વ સમગ્રના માનવોનાં બજેટ ખોરવાઈ ગયાં છે. વિજ્ઞાન-ટેક્નોલૉજીની મદદથી સુખ-સુવિધાઓ ઊભી કરી તેમાં પોતાની રીતે રાચતા માનવને પ્રભુએ પોતાની મર્યાદાઓનું ભાન કરાવ્યું. આમાંથી હવે ઉગારનાર એક પ્રભુ જ છે તે જ્ઞાન થતાં માનવ પ્રભુભક્તિ તો કરતો જ હતો, પણ હવે પ્રભુબળે જીવતો થઈ રહ્યો છે તે આ વર્ષનું જમાપાસું છે. વિશ્વના માનવોનાં જીવન બદલાઈ રહ્યાં છે. આપણા સમૈયા-ઉત્સવોની પદ્ધતિ બદલાઈ ગઈ છે. તો પણ ડિજિટલ માધ્યમથી ઘરે બેઠાં બેઠાં પણ સહકુટુંબ જાણે મંદિરમાં જ છીએ તેવી અનુભૂતિ કરતા કરતા પ્રભુભક્તિનો હૈયામાં આનંદ માણી રહ્યા છીએ, તે કેવળ અને કેવળ આપણા પ્રભુની કૃપા જ છે !

સંવત-૨૦૭૬ના પૂરા થઈ રહેલ વર્ષના આ દીપાવલીના પર્વે શ્રી ઠાકોરજી-ગુણાતીત સંતોનાં સાંનિધ્યે પૂ. અશ્વિનભાઈ, પૂ. શાંતિભાઈ, સૌ સંતો-મુક્તોની હાજરીમાં આ મહાપૂજામાં દેશ-પરદેશમાં વસતા સૌ મુક્તો જોડાઈને શ્રી લક્ષ્મીપૂજન-શ્રી વહી કહેતાં ચોપડાપૂજન કરી રહ્યા છીએ, તેમાં હવે આ સંકલ્પ કરીએ...

હે શ્રી સ્વામિનારાયણ ભગવાન ! હે શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી ! હે શ્રી ગોપાળાનંદ સ્વામીજી ! હે શ્રી ભગતજી મહારાજ ! હે શ્રી જાગા સ્વામીજી ! હે શ્રી કૃષ્ણજી અદાશ્રી ! હે શ્રી શાસ્ત્રીજી મહારાજશ્રી ! હે શ્રી ગુરુદેવ યોગીજી મહારાજશ્રી ! હે શ્રી કાકાજી-પપ્પાજી ! હે શ્રી પ્રમુખસ્વામીજી ! હે શ્રી મહંત સ્વામીજી ! હે શ્રી હરિપ્રસાદ સ્વામીજી ! હે પ્રભુના સાકાર દિવ્ય સંત સ્વરૂપો !

આપ સાકાર છો, કર્તા-હર્તા છો. અમારા સૌના હેતકારી અને હિતકારી છો. સંતો દ્વારા પ્રગટ પ્રમાણ છો, મૂર્તિઓ દ્વારા પ્રગટ પ્રમાણ છો. તેમ માની આપના આશ્રિત સૌ ભક્તોની નિર્દોષભાવે સુહૃદભાવ રાખી સેવાની તક ચૂકીએ નહિ. સૌ સાથે હળીમળી ભક્તિમય બની આપની અંતરની પ્રસન્નતા રૂપી કમાણી દ્વારા આ વિપરીત સંજોગોમાં પણ આપની પરીક્ષામાં આપના જ બળે સારધાર પાર ઊતરવા રૂપી નફો નવા વર્ષના અમારા ચોપડામાં વધતો જ રહે. તે દ્વારા સદાય આનંદ, શાંતિ, સુખ, સમૃદ્ધિ ભક્તિ રૂપી શ્રી લક્ષ્મીજીની અઢળક પ્રાપ્તિ થતી રહો તેવી આ દીપાવલીના મહામંગલકારી દિવસે થઈ રહેલી આ મહાપૂજામાં અમ સૌ સંતો અને અક્ષરમુક્તોની આપના શ્રી ચરણોમાં પ્રાર્થનાઓ છે !

વિશેષ પ્રાર્થનાઓ છે કે, સમગ્ર વિશ્વ કોરોના સાથે કળિયુગના પ્રભાવમાંથી મુક્ત બને. સમગ્ર વિશ્વમાં આપનું જ એક સામ્રાજ્ય સ્થપાય. જેમાં સર્વ માનવો ભક્તિમય રહી પરમ પૂજ્ય યોગીબાપાના બ્રહ્મસૂત્ર પ્રમાણે સંપ, સુહૃદભાવ અને એકતા રાખી હળીમળીને જીવનનો ખરો આનંદ પ્રાપ્ત કરી કુટુંબે સહિત તન-મન અને આત્માથી ભક્તિ, શક્તિ, સમૃદ્ધિથી છલકાતા રહી પરમ સુખિયા બની રહો તેવી આ દીપાવલીનાં પર્વો સાથે શરૂ થઈ રહેલા સંવત ૨૦૭૭ના નવા વર્ષની પ્રાર્થનાઓ છે ! સાથે અત્યારે જે સંતો અને અક્ષરમુક્તો સ્વસ્થ થયા છે અને સ્વસ્થ થઈ રહ્યા છે તેઓનું સ્વાસ્થ્ય સંપૂર્ણ નિરામય બને અને આપની અને સૌ અક્ષરમુક્તોની સેવામાં હૃદયના ભાવથી અખંડ જોડાયેલા રહે, સમર્પિત રહે તેવી પ્રાર્થના કરીએ છીએ ! અક્ષરરૂપ રહી અખંડ આપ પરબ્રહ્મ રૂપી જે ગુરુહરિમાં પ્રગટ મળ્યા છો તેમના દાસ થઈ, તેમના દાસના પણ દાસ થઈને જીવીએ તેવી પ્રાર્થના છે ! તે કૃપા કરી આપ સ્વીકારશો. તેનું બળ મેળવવા માટે 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરીએ છીએ. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ◆

